# Media Coverage

**Date: 03/10/2025**

**ગુજરાતી - 10 | હિન્દી - 00 | અંગ્રેજી - 02**



**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં ગાંધીનગર મેટ્રો રેલની કામગીરી વધુ વેગવાન બની - વિજ્યા દશમીના પાવન પર્વે મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ થઈ**

**નૂતન વર્ષના આરંભમાં ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે**

સંદેશ

### કમિશનર મેટ્રોરેલ સેફ્ટીની મંજૂરી મેળવાશે

# નૂતન વર્ષથી ગાંધીનગરમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડશે

## અત્યારસુધી સચિવાલય સુધી મેટ્રો દોડતી હતી

। ગાંધીનગર ।

ગાંધીનગર અમદાવાદ વચ્ચેના મેટ્રોરેલ પ્રોજેક્ટના સેકન્ડ ફેઝની કામગીરી પુર્ણતાના આરે છે. આજે સચિવાલયથી મેટ્રોરેલના અંતિમ સ્ટેશન ગણાતા મહાત્મા મંદિર સુધીના રૂટ પર મેટ્રોરેલની સફળ ટ્રાયલ રન કરવામાં આવી હતી. આ ટ્રાયલરન પુર્ણ થતા જ આગામી દિવસોમાં આ મામલે મેટ્રોરેલ સેફ્ટિ સમક્ષ મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવશે. જે મંજુર થયે સંભવત : નૂતન વર્ષના આરંભથી મહાત્મા મંદિર સુધીના અંતિમ રૂટ સુધી મેટ્રોરેલ દોડતી થશે.


ઉલ્લેખનીય છેકે, ગાંધીનગર અમદાવાદ વચ્ચેના મેટ્રોરેલ સેવા શરૂ કરવાનું તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન હતું. જે સ્વપ્ન પુર્ણ થવાના આરે છે. મેટ્રોરેલના પથમ ફેઝમાં અમદાવાદથી મોટેરા સુધી મેટ્રોરેલ સેવા શરૂ કરવામાં આવી હતી. સેકન્ડ ફેઝમાં મોટેરાથી મહાત્મા મંદિર સુધીની મેટ્રોરેલનું કામ યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યુ હતું. જે આજે અંતિમ તબક્કામાં છે. અત્યાર સુધીમાં મોટેરાથી સચિવાલય વચ્ચેના ૧૭ સ્ટેશનો પર મેટ્રોરેલ દોડી રહી છે. બે વર્ષ પુર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રોરેલને લીલીઝંડી આપી હતી. જે સેક્ટર-૧ સ્ટેશન સુધી કાર્યરત હતી. ત્યારબાદ સમાયંતરે સચિવાલય, સેક્ટર-૧૦, કોબા ગામ, કોબા સર્કલ જેવા મેટ્રોરેલ સ્ટેશનના કામો પુર્ણ થતા આ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા હતા. હાલના તબક્કે અમદાવાદથી સચિવાલય સ્ટેશન સુધી મેટ્રોરેલ દોડી રહી છે.મેટ્રોરેલનું છેલ્લુ સ્ટેશન મહાત્મા મંદિર છે. સચિવાલયથી મહાત્મા મંદિર સુધીઆવતા અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ સ્ટેશનોના કામ પ્રગતિ હેઠળ હતા. જે કામો મોટાભાગે પુર્ણ થતા આજે મેટ્રોરેલ તંત્ર દ્વારા સચિવાલયથી ઉપરોક્ત પાંચ સ્ટેશનો પર મેટ્રોરેલની ટ્રાયલ રન કરવામાં આવી હતી. આ ટ્રાયલ રન સફળ રહી હતી. વિજયા દશમીના પાવન પર્વે જ અંતિમ સ્ટેશન સુધીની ટ્રાયલ રન સફળ રહેતાં અમદાવાદ ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટ પુર્ણ થવાના આરે છે. જેના પગલે નૂતન વર્ષના આરંભથી જ અમદાવાદથી છેક મહાત્મા મંદિર સુધી મેટ્રોરેલ દોડતી થશે. આ પુર્વે ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર મેટ્રોરેલ સેફ્ટિ સમક્ષ મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવશે.

H

દિવ્ય ભાસ્કર

# નવા વર્ષના પ્રારંભે મેટ્રો રેલ મહાત્મા મંદિરે પહોંચશે : ટ્રાયલ રન સફળ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર



રાજ્યના પાટનગરમાં મહાત્મા મંદિર સુધી સંપુર્ણ મેટ્રો રેલ સેવાનો લાભ નગરવાસીઓને નવા વર્ષથી મળશે. જોકે નગરવાસીઓને મેટ્રો રેલ સેવાનો લાભ આપવા માટે દશેરા દિવસે યોજાયેલો ટ્રાયલ રનની સફળતા ઉપરથી લાગી રહ્યું છે. આથી મેટ્રો રેલ સેવા સચિવાલયથી આગળ વધીને મહાત્મા મંદિર સુધીનું નગરવાસીઓને મળી રહેશે. આથી અમદાવાદથી ગાંધીનગર સુધીના 68 કિમીના મેટ્રો રેલ લાઇનમાં આવેલા કુલ-53 સ્ટેશનો આગામી નવા વર્ષથી કાર્યરત થઇ જશે.

મેટ્રો રેલને મહાત્મા મંદિર સુધી લઇ જવાનો પ્રોજેક્ટ હાલમાં અંતિમ તબક્કામાં ચાલી રહ્યો છે. તેમાં મેટ્રો રેલ લાઇન મહાત્મા મંદિર સુધી નાંખી દેવામાં આવી છે. ઉપરાંત તેની સાથે સાથે એકાદ કિમીના અંતરે ઉભા કરાયેલા મેટ્રો રેલ સ્ટેશનનોની કામગીરી હાલ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. દિવાળી બાદ નવા વર્ષ પછી સંપૂર્ણ રૂટ પર મેટ્રો રેલ દોડતી થશે. આગામી સમયમાં અમદાવાદ મહાનગરપાલિકા સહિત રાજ્યમાં પાલિકા- પંચાયતોની મોટાપાયે ચૂંટણી આવી રહી છે. 2026માં ગાંધીનગર મહાનગરપાલિકાની પણ ચૂંટણી યોજાનાર છે ત્યારે મેટ્રો રેલની કામગીરીમાં ઝડપ લવાઇ છે. દશેરાના દિવસે જ મેટ્રો રેલ સેવા સચિવાલયથી આગળ વધીને અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-16, સેક્ટર-24 અને મહાત્મા મંદિર સુધીનો ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. ટ્રાયલ રન બાદ મેટ્રો રેલ સેફ્ટી કમિશ્નરની જરૂરી મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવશે. મંજૂરી બાદ મેટ્રો રેલ સેવા નવા વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી વધુ એક ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળી રહેશે.

પ્રદુષણ અને ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે નગરવાસીઓ માટે મેટ્રો રેલ સેવા આશીર્વાદ સમાન બની રહેશે. ગાંધીનગરથી અમદાવાદ અને અમદાવાદથી ગાંધીનગર વચ્ચે દરરોજ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વેપારી વર્ગ અપડાઉન કરે છે.

### ટ્રાયલ સફળ રહેતાં જાન્યુઆરીથી નિયમિત દોડશે

# દશેરાએ સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની ટ્રાયલ



## અક્ષરધામ જતાં લોકોનો ખર્ચમાં-સમયમાં ઘટાડો થશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

દશેરાના દિવસે ગાંધીનગરમાં સચિવાલયથી મહાત્મા સુધી મેટ્રો ટ્રેનની ટ્રાયલ લેવાઈ હતી જે સફળ રહી હતી. ખાસ કરીને અક્ષરધામની મુલાકાતે જતાં લોકોના ખર્ચમાં-સમયમાં ઘટાડો થશે. આ રૂટ પર જાન્યુઆરીથી મેટ્રો દોડતી થવાની શક્યતા છે.

મેટ્રોના અધિકારીના જણાવ્યા અનુસાર, દશેરાએ મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનની ટ્રાયલ હાથ ધરાઈહતી. જેથી અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-16 અને સેક્ટર-24 તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર જેવા વધુ પાંચ સ્ટેશનનો વધારો થશે. તેમજ આ કામગીરી પૂરી થયા બાદ અમદાવાદ અને ગાંધીનગરના કુલ 68 કિલોમીટરના રૂટ પરના 53 સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.

### ટ્રાયલ દરમિયાન દર 40 મિનિટે મેટ્રો દોડશે

હાલમાં ટ્રાયલ દરમિયાન મેટ્રો ટ્રેન દર 30થી 40 મિનિટે દોડશે.પણ દિવાળી બાદ પણ આ મેટ્રો ટ્રેન દર 30 મિનિટે દોડશે. મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ક્રમશ ટ્રેનની ફ્રિકવન્સી વધારાશે. જેમાં પિકઅવર્સમાં 10થી 20 મિનિટે, પિકઅવર્સ સિવાયના સમયમાં ફ્રિકવન્સીમાં ઘટાડો કરાશે.

# ગુજરાત સમાચાર


## દશેરાએ મેટ્રોનો ઘોડો દોડ્યો...:હાલ સચિવાલય સુધી સંચાલન

# મહાત્મા મંદિર સુધી મેટ્રોનો ટ્રાયલ રનઃ નવા વર્ષથી રેલ શરૂ થઈ જશે

ગાંધીનગર,ગુરુવાર

વિજયા દશમીના પવિત્ર પર્વે સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલની ટ્રાયલ રન સફળતાપૂર્વક કરવામાં આવી હતી. એટલુ જ નહીં, નૂતન વર્ષના આરંભથી ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રોની સુવિધા મળે તે માટેની ગતિવિધીઓ પણ તેજ કરી દેવામાં આવી છે. હાલ અમદાવાદથી ગાંધીનગરમાં સચિવાલય સુધી મેટ્રો રેલનો નિયત રૂટ છે જે આગામી દિવસોમાં પાંચ નંબરના રોડ ઉપર થઈને મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડશે.

## પાંચ નંબરના માર્ગ પર અક્ષરધામ, જુના સચિવાલય, સે-૧૬ સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિર સહિત નવા પાંચ સ્ટેશનો



અમદાવાદ-ગાંધીનગર ટ્વિનસિટીને જોડવા માટે મેટ્રો રેલનું કામ છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે ત્યારે હજુ સુધી સંપુર્ણ રૂટ પુર્ણ થયો નથી. તબક્કાવાર પહેલા સે-૧ સુધી મેટ્રો શરૂ કર્યા બાદ ચ અને છ રોડ થઈને મેટ્રો સચિવાલય સુધી પહોંચતી કરવામાં આવી હતી. ત્યારે આખરી તબક્કામાં મેટ્રોને હવે રોડ નં. પાંચ ઉપર દોડાવીને મહાત્મા મંદિરના સ્ટેશને સ્ટોપેજ કરવા માટેની કામગીરી તેજ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત આજે વિજયાદશમીના શુભ અવસરે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. આ ટ્રાયલ રનમાં મેટ્રો રેલે અક્ષરધામ છ-૫, જુના સચિવાલય, સેક્ટર-૧૬ એટલે કે, ઘ-પાંચ, સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિર જેવા પાંચ નવા સ્ટેશનોને આવરી લેવામાં આવ્યા છે.આ ટ્રાયલ રનની સફળતા એ સંકેત આપે છે કે ગાંધીનગરના નાગરિકોને ટૂંક સમયમાં આધુનિક પરિવહનની સુવિધા ઉપલબ્ધ થશે.

આ ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી પાસેથી જરૂરી મંજૂરીઓ મેળવવા માટે દરખાસ્ત કરવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થતાં નૂતન વર્ષના આરંભથી ગાંધીનગરના નાગરિકો મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધાનો લાભ લઈ શકશે.

## અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોનું ૬૮ કિમીનું સંચાલનઃ કુલ ૫૩ સ્ટેશન

ગાંધીનગર, ગુરુવાર

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે પરિવહનને ધ્યાનમાં રાખીને મેટ્રો રેલ શરૂ કરવાનો નિર્ણય લેવાની સાથે અમદાવાદ મેટ્રોના પ્રોજેક્ટને ગાંધીનગર લંબાવવા માટે ત્રીજા ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત પ્રથમ ગિફ્ટસિટી તથા ઈન્ફોસિટી, સે-૧ સુધીના સ્ટેશનોએ મેટ્રો પહોંચાડવામાં આવી હતી. ત્યાર બાદ સે-૧થી ચ તથા છ રોડ થઈને મેટ્રોને સચિવાલય સુધી લંબાવવામાં આવી છે. હાલ સચિવાલય સુધીના રૂટનું સંચાલન થાય છે ત્યારે આગામી દિવસોમાં પાંચ નંબરના રોડ પરથી મેટ્રો પસાર કરીને મહાત્મા મંદિર સુધી રેલ લંબાવાશે. મહાત્મા મંદિર મેટ્રો રેલનું આખરી સ્ટોપેજ રહેશે ત્યારે આગામી દિવસોમાં આ પ્રોજેક્ટના પૂર્ણ થવાથી અમદાવાદ અને ગાંધીનગરના ૬૮ કિલોમીટરના રૂટ પર કુલ ૫૩ સ્ટેશનોને મેટ્રોની સુવિધા મળશે.

LET TRUTH PREVAIL
THE TIMES OF INDIA

# METRO TRIAL RUNS TILL MAHATMA MANDIR BEGIN

TOI



The state govt has announced that the metro's Phase II, connecting Motera to Mahatma Mandir, will be available for commuters after Diwali. On the occasion of Dussehra on Thursday, the Gandhinagar metro's trial run commenced successfully, running from Sachivalaya to the route's final station, Mahatma Mandir. Officials from the Gujarat Metro Rail Corporation said the train is making commercial runs to Sachivalaya. After its success, it will be extended to five additional stations — Akshardham, Old Sachivalaya, Sector 16, Sector 24, and Mahatma Mandir

નવગુજરાત સમય

# વિજયા દશમીએ મેટ્રોની સચિવાલયથી મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન

**ગાંધીનગર:** વિજયા દશમીના પાવન પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે અને હાલ સચિવાલય સુધી દોડવવામાં આવતી મેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-16 અને સેક્ટર-24 તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ થઈ છે. આ ટ્રાયલ રન પૂર્ણ થયા પછી કમિશનર મેટ્રો રેલ સેફ્ટી - CMRS સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે અને નૂતન વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સગવડ મળતી થશે. આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ 68 કિલોમીટરના રૂટ પરના 53 સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે અને મુસાફરી વધુ સસ્તી આરામદાયક અને પ્રદૂષણમુક્ત બનશે.

AhmedabadMirror

# Metro completes Secretariat trial run in G'nagar

## Required approvals to be submitted to Commissioner of Metro Rail Safety soon

Ahmedabad Mirror Bureau
feedback@ahmedabadmirror.com

Posts @ahmedabadmirror

The Metro Rail in Gandhinagar successfully completed its trial run on the extended route from the Secretariat to Mahatma Mandir on Thursday on the occasion of Dussehra.

This trial run covered five new stations—Akshardham, Old Secretariat, Sector-16, Sector-24 and the last station, Mahatma Mandir. Previously, metro operations were limited to the Secretariat station. With this extension, the project moves a step closer to completing operations across Gandhinagar.

A proposal will now be submitted to the Commissioner of Metro Rail Safety (CMRS) to obtain the required approvals. After the clearance, the metro rail service up to Mahatma Mandir is expected to be opened for public around the Diwali festival.

Upon completion of the entire project, a total of 53 stations across a 68-kilometre route in Ahmedabad and Gandhinagar will be equipped with metro facilities.

જય હિંદ
પ્રકાશ * પ્રગતિ * પવિત્રતા

## નૂતન વર્ષના પ્રારંભે

# ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે

ગાંધીનગર,તા.૨

વિજ્યાદશમીના પાવન પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળશતાપૂર્વક શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે અને હાલ સચિવાલય સુધી દોડાવવામાં આવતી મેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જુના

**વિજ્યાદશમીના પાવન પર્વે મેટ્રો ટ્રેનની ટ્રાયલ રન સચિવાલયથી મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક થઈ**

સચિવાલય, સેકટર-૧૬ અને સેકટર-૨૪ તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ છે. આ ટ્રાયલ રન પૂર્ણ થયા પછી કમિશનર મેટ્રો રેલ સેફટી-મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે અને નૂતન વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી



મેટ્રો રેલની સગવડ મળતી થશે. આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિ.મી.ના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે અને મુસાફરી વધુ સસ્તી આરામદાયક

ના પ્રવાસે

દર્શન કરશે

ગાંધીનગર સમાચાર

# વિજયાદશમીએ સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનનો કરાયો ટ્રાયલ રન

## નૂતન વર્ષથી સેવા થશે શરૂ : સચિવાલયથી રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન સફળતાપૂર્વક થયું હતું

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર,તા.૨

અસત્ય પર સત્યના વિજયના પ્રતીક એવા વિજયાદશમીના પાવન અને શુભ અવસરે ગાંધીનગરના નાગરિકો માટે એક સારા સમાચાર સામે આવ્યા છે.

આજે (બીજી ઓક્ટોબર) ગાંધીનગરમાં મેટ્રો રેલની કામગીરીમાં મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ થઈ છે, જેમાં સચિવાલયથી રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન સફળતાપૂર્વક થયું હતું.

હાલમાં સચિવાલય સુધી દોડાવવામાં આવતી મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે. આ ટ્રાયલ રનમાં મેટ્રો રેલને સચિવાલયથી આગળ વધારીને કુલ પાંચ નવા સ્ટેશનો અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ અને અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી દોડાવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રાયલ રન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સફળ ટ્રાયલ રનથી ગાંધીનગરના નાગરિકોને ટૂંક સમયમાં મેટ્રોની સુવિધા મળવાની આશા બંધાઈ છે. મેટ્રો રેલની ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર મેટ્રો રેલ સેફટી (CMRS) સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે. તમામ જરૂરી મંજૂરીઓ મળ્યા બાદ નૂતન વર્ષના આરંભમાં (આવતા વર્ષની શરૂઆતમાં) ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થતી થશે. ગાંધીનગરમાં આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિલોમીટરના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલની સુવિધા પ્રાપ્ત થશે. મેટ્રો રેલની આ સેવા શરૂ થવાથી બંને શહેરોના લાખો મુસાફરોની દૈનિક મુસાફરી વધુ સસ્તી, આરામદાયક અને પ્રદૂષણમુક્ત બનશે.

ધ મુંબઈ સમાચાર
THE BOMBAY SAMACHAR www.bombaysamachar.com

# સચિવાલયથી મહાત્મા મંદિર મેટ્રો રેલની સફળ ટ્રાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરમાં મેટ્રોનું નેટવર્ક ધીમે ધીમે વિસ્તારવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે આજે વિજ્યાદશમીના પાવન પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે અને હાલ સચિવાલય સુધી દોડવવામાં આવતી મેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૪ તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ થઈ છે. આ ટ્રાયલ રન પૂર્ણ થયા પછી કમિશનર મેટ્રો રેલ સેફ્ટી સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે અને નૂતન વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સગવડ મળતી થશે.

લોકસત્તા જનસત્તા

### સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટ પર દોડાવાયેલ ટ્રાયલ રન સફળ

# ગાંધીનગરની જનતાને નવા વર્ષમાં મેટ્રો રેલ સેવાની સુવિધા મળશે

## અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિરના છેલ્લા સ્ટેશન સુધી મેટ્રો સેવા લંબાવાશે

ગાંધીનગર,તા. ૨

ગુજરાતની સૌ પ્રથમ મેટ્રો રેલ સેવાઓ અમદાવાદ ગાંધીનગર વચ્ચે શરૂ કરાઈ છે. હવે આ મેટ્રો રેલ સેવાને મહાત્મા મંદિર સુધી દોડાવવા માટે આજે દશેરાના દિવસે સચિવાલયથી આગળના પાંચ સ્ટેશન માટે ટ્રાયલ રન લેવામાં આવી હતી જે સફળ રહી છે. જેથી નવા વર્ષ ના પ્રારંભથી મોટેરાથી મહાત્મા મંદિર સુધીના રૂટને શરૂ કરવામાં આવે તેવી સંભાવના બળવત્તર બની છે.

ગાંધીનગરની જનતાને નવા વર્ષના પ્રારંભે મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલ સેવાની સુવિધા મળી જાય તેવા સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરમાં મેટ્રો રેલની કામગીરી ઝડપથી ચાલી રહી છે. જેના અંતર્ગત આજે દશેરાના દિવસે ગાંધીનગરના સચિવાલય મેટ્રો સ્ટેશનથી લઈને અંતિમ સ્ટેશન એટલે કે મહાત્મા મંદિર સુધીના રૂટ ટ્રાયલ રન લેવામાં આવી હતી, જે સફળ રહી હતી.

આ મેટ્રો રેલની કામગીરી અંતર્ગત આજે સચિવાલયથી આગળના પાંચ સ્ટેશનો અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૪ સહિત મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ કરવામાં આવી હતી.

ગુજરાત મેટ્રો રેલ કંપની (જીએમઆરસી) દ્વારા ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર મેટ્રો રેલ સેફટી સમક્ષ મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવશે.

આ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થતાંની સાથે જ નૂતન વર્ષના આરંભમાં જ ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે.

JANMABHOOMI GROUP
॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥
ફૂલછાબ

# ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે

અમદાવાદ, તા.૨: વિજ્યા દશમીના પાવન પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે અને હાલ સચિવાલય સુધી દોડવવામાં આવતી મેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૪ તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ થઈ છે.

આ ટ્રાયલ રન પૂર્ણ થયા પછી કમિશનર મેટ્રો રેલ સેફ્ટી ઈખછજ સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે અને નૂતન વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સગવડ મળતી થશે. આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિલોમીટરના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે અને મુસાફરી વધુ સસ્તી આરામદાયક અને પ્રદૂષણમુક્ત બનશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની ટ્રાયલ રન પૂર્ણ

ગાંધીનગર : વિજ્યા દશમીના પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી હતી.

હાલ સચિવાલય સુધી દોડવવામાં આવતી મેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-16 અને સેક્ટર-24 તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ થઈ છે.

આ ટ્રાયલ રન પૂર્ણ થયા પછી કમિશનર મેટ્રો રેલ સેફ્ટી - CMRS સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે અને નૂતન વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સગવડ મળતી થશે.

Daily News PDF Whatsapp Group

આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ 68 કિલોમીટરના રૂટ પરના 53 સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે અને મુસાફરી વધુ સસ્તી આરામદાયક અને પ્રદૂષણમુક્ત બનશે.